# પંજાબની જેમ ખેડૂતોને પ્રતિ હેક્ટર 50,000 વળતરની માગ

**આમ** આદમી પાર્ટીએ 11 માંગણી સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી

ગાંધીનગર : આમ આદમી પાર્ટી દ્વારા આજે ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલને મળીને રાજયના ખેડૂતોની 11 માંગણીઓ અંગે રજૂઆત કરી હતી. જેમાં કડદા પ્રથા નાબૂદ કરવામાં આવે, હડદડ કાંડ અને સાબર ડેરી આંદોલનમાં ખેડૂતો પર કરવામાં આવેલા કેસોને દૂર કરવામાં આવે, ખેડૂતોને પંજાબની AAP સરકારની જેમ હેક્ટરે 50,000નું વળતર ચૂકવવામાં આવે, આવી વિવિધ કુલ 11 માંગો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી છે.

આપના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ કહયું હતું કે સમગ્ર ગુજરાતના ખેડૂતો આમ આદમી પાર્ટી તરફ આશાની નજરે જોઈ રહ્યા છે,પંજાબની જેમ ગુજરાત સરકાર પણ ખેડૂતોને, ભાગિયાઓને અને ખેતમજૂરોને વળતર ચૂકવવું જોઈએ.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે (1) તમામ મંડીઓમાંથી "કડદા પ્રથા" તાત્કાલિક બંધ કરવી. કડદા કરનારાઓને જેલ ભેગા કરવામાં આવે. (2) ખેડૂતોના પાકને APMC માર્કેટ સિવાય ગોડાઉન કે ફેક્ટરીમાં પહોંચાડવા માટે દબાણ કરવામાં ન આવે. (3) સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત દરેક પાકના ખેડૂત / ભાગીયાઓને પંજાબ સરકારની જેમ, પ્રતિ હેક્ટર 50,000નું વળતર આપવું અને એક મહિનામાં જ ચુકવવાની જોગવાઈ કરવામાં આવે. (4) ડેરીમાં પશુપાલકોને તમામ સંઘોમાં ભાવફેરનો હિસાબ સીધો તેમના ખાતામાં અને સમયસર આપવામાં આવે. (5) ખેડૂતોને દિવસમાં ૧૨ કલાક મફત વીજળી આપવામાં આવે. (6) હડદડ અને સાબર ડેરી આંદોલનમાં ખેડૂતો પર થયેલા પોલીસ કેસ પાછા ખેંચવામાં આવે અને જેલમાં બંધ ખેડૂતોને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. (7) તમામ પાકોની ખરીદી સરકાર દ્વારા MSP (ન્યુનત્તમ આધારભાવ) પર કરવામાં આવે. (8) ખેડૂતોને પૂરતી માત્રામાં અને સમયસર ખાતરની ઉપલબ્ધિ કરાવવામાં આવે. (9) શેરડીના ઉત્પાદક ખેડૂતોને સુગર મિલો પાસેથી બાકી ચૂકવણી કરવામાં આવે અને બંધ સુગર મિલો ફરી શરૂ કરવામાં આવે. (10) CCI દ્વારા કપાસની ખરીદી ડિસેમ્બરને બદલે ૧ ઑક્ટોબરથી શરૂ કરવામાં આવે. અને (11) ગુજરાતમાં બેફામપણે હાઈટેન્શન લાઈન નાખવામાં આવે છે પરંતુ ખેડૂતોને પૂરતુ વળતર મળતું નથી. આ તમામ મુદ્દાઓને લઈને અમે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

# શીતલહેર સાથે તીવ્ર ઠંડીની ચપેટમાં નલિયા-11.2 ડિગ્રી ઠંડી



ગાંધીનગર : પૂર્વીય પવનની અસર હેઠળ ગુજરાત શીત લહેરની અસર જોવા મળી રહી છે. કચ્છ હાલ શીત લહેરની ચપેટ આવી ગયુ છે. શિયાળાના આરંભથી કચ્છના નલિયા ઠંડીની અસર જોવા મળી રહી છે. આજે મંગળવારે કચ્છના નલિયામાં 11.2 ડિ.સે. તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજય ખાસ કરીને આગામી 24 કલાક સુધી ઠંડી વધશે. નલિયા ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. 24 કલાક પછી તાપમાન 2થી3 ડિગ્રીનો વધારો થશે. રાજય આજે મંગળવારે ઠંડીનો ચમકારો વધ્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છ સામાન્ય કરતાં સાવ નીચું તાપમાન નોંધાવવા પામ્યુ છે. કચ્છ ઠંડી વધતા જનજીવનને અસર થવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજય આગામી 24 કલાક દરમ્યાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી વધશે.

**રાજ્યના વિવિધ શહેરનું તાપમાન**

| | |
|---|---|
| નલિયા | 11.2 ડિ.સે. |
| વડોદરા | 12 ડિ.સે. |
| અમરેલી | 13 ડિ.સે. |
| કંડલાએરપોર્ટ | 13 ડિ.સે. |
| ડીસા | 14 ડિ.સે. |
| ભૂજ | 14 ડિ.સે. |
| અમદાવાદ | 15 ડિ.સે. |
| ગાંધીનગર | 15 ડિ.સે. |
| વિદ્યાનગર | 15 ડિ.સે |
| રાજકોટ | 15 ડિ.સે. |
| મહુવા | 16 ડિ.સે. |
| દમણ | 17 ડિ.સે. |
| કંડલાપોર્ટ | 17 ડિ.સે. |
| સુરેન્દ્રનગર | 17 ડિ.સે |
| ભાવનગર | 18 ડિ.સે. |
| સુરત | 19 ડિ.સે. |

# નશા માટે વપરાતા રોલિંગ પેપર, સ્મોકિંગ કોન પર હવે પ્રતિબંધ

**ગાંજા** જેવા માદક પદાર્થના નશા માટે યુવાઓ આવી વસ્તુઓનો ઉપયોગ કરતા હોવાની વ્યાપક ફરિયાદ

**પાનના** ગલ્લા, ચાની ટપરીઓ પર છૂટથી વેચાતા હતા, ગૃહ વિભાગે તાત્કાલિક અસરથી આદેશ જારી કર્યો

ગાંધીનગરઃ રાજ્ય સરકારના ગૃહ વિભાગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૬૩(૨) અને ૧૬૩(૩) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, સમગ્ર રાજ્યમાં રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓના સંગ્રહ, વેચાણ, વિતરણ અને હેરાફેરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. રાજ્યમાં કેટલાક યુવાઓ દ્વારા કરવામાં આવતા નશાને રોકવા માટે સરકારે આ તાત્કાલિક નિર્ણય લીધો છે.

યુવાઓ દ્વારા અલગ અલગ પ્રકારના નશાયુક્ત માદક પદાર્થોના સેવન માટે રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર બાબત ધ્યાને આવતા આ બાબતે બારીક અભ્યાસ કરીને ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગૃહ વિભાગના જાહેરનામામાં સ્પષ્ટ જણાવાયું છે કે, આ રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઈટેનિયમ ઓક્સાઈડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. ગૃહ વિભાગના જાહેરનામા મુજબ હવે રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવાનું રહેશે. આ આદેશનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (BNS) ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# વેસુની વ્યવસાયી મહિલા સાથે રૂ.10.48 લાખની છેતરપિંડી

સુરતઃ સુરતમાં તાંત્રિક વિધિના બહાને છેતરવાનો વધુ એક બનાવ સામે આવ્યો છે. વેસુમાં રહેતી અને શેર માર્કેટનું કામ કરતી પરિણીતા સાથે તાંત્રિક વિધિના જાણકાર હોવાનો દાવો કરી ગાંગાણી પરિવારે 10.48 લાખની ઠગાઈ કરી હોવાની ફરિયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

વેસુના સોમેશ્વરા સર્કલ નજીક મૈત્રેય હોસ્પિટલની બાજુમાં શીવાલીક હાઈટ્સમાં રહેતા કિરણબેન ધર્મેશભાઈ મહેતાએ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, કામરેજ પટેલનગર ખાતે આસ્થા વાડીની બાજુની ગલીમાં રહેતા રમેશ ભગવાનભાઈ ગાંગાણી, અશોકભાઈ ભગવાનભાઈ ગાંગાણી અને લાભુબેન ભગવાનભાઈ ગાંગાણીએ તેમની સાથે છેતરપિંડી આચરી છે. રમેશ ગાંગાણીએ પોતે તાંત્રિક વિધિના જાણકાર હોવાનું કહીને કિરણબેન સાથે પરિચય કેળવ્યો હતો. વિવિધ આધ્યાત્મિક વાતો કરી, સમસ્યાઓ દૂર કરવાની ખાતરી આપી તેણે વિશ્વાસ કેળવ્યો હતો. થોડા સમય બાદ આરોપીઓએ આર્થિક મદદની જરૂર હોવાનું કહી કિરણબેન પાસે પૈસાની માંગણી કરી હતી. કિરણબેને રોકડ ન હોવાની વાત કરતા આરોપીઓએ દાગીનાની મદદ કરવાનું કહ્યું હતું.

આરોપીઓની વાતોમાં આવી ગયેલા કિરણબેને બે સોનાના સેટ, મંગળસૂત્ર, વીંટી, નેકલેસ, સોનાની ચેઈન અને કાનની બુટ્ટી સહિત કુલ ૧૦૦ ગ્રામ જેટલા સોનાના દાગીના તેમને આપ્યા હતા, જેની અંદાજીત કિંમત રૂ. ૧૦ લાખ થાય છે.

# વેનેઝુએલાનો ભૂતિયા કાફલો ચોરીછૂપીથી કરોડો બેરલ ખનિજ તેલનું વહન કરે છે




વેનેઝુએલા અને અમેરિકા વચ્ચેનો તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકન સૈન્યે વેનેઝુએલાના દરિયાકાંઠે એક તેલનું ટેન્કર કબજે કર્યું છે, જેનાથી વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની સરકાર પર દબાણ વધી ગયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે આ ટેન્કર અત્યાર સુધી જપ્ત કરાયેલું સૌથી મોટું ટેન્કર હતું. વેનેઝુએલાની સરકારે આ કાર્યવાહીની આકરી ટીકા કરી છે અને તેને ખુલ્લી ચાંચિયાગીરી ગણાવી છે. જપ્ત કરાયેલું જહાજ એક કહેવાતા ભૂતિયા કાફલાનો ભાગ હોવાનું માનવામાં આવે છે, જેનો ઉપયોગ વેનેઝુએલા દ્વારા અમેરિકાના તેલ પ્રતિબંધોથી બચવા માટે કરવામાં આવતો હતો.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૧૯ માં અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન વેનેઝુએલાના ખનિજ તેલ ઉદ્યોગ પર પ્રતિબંધો લાદ્યા હતા. આ પછી વેનેઝુએલાના ખનિજ તેલની નિકાસમાં અડધાથી વધુ ઘટાડો થયો હતો. જાન્યુઆરી ૨૦૧૯ માં આ તેલની નિકાસ દરરોજ લગભગ ૧૧ લાખ બેરલ હતી, જે વર્ષના અંત સુધીમાં ઘટીને લગભગ ૪.૯૫ લાખ બેરલ થઈ ગઈ હતી. છ વર્ષ પછી પણ આ પ્રતિબંધો યથાવત્ છે. જો કે, આ વર્ષના નવેમ્બર સુધીમાં વેનેઝુએલાની તેલ નિકાસ ફરી વધીને લગભગ ૯.૨૦ લાખ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. આ નિકાસ ૧૯૯૮માં દેશના ૩૦ લાખ બેરલ પ્રતિ દિવસના શિખર કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે. આ આંશિક સુધારો સૂચવે છે કે વેનેઝુએલા પર અમેરિકન પ્રતિબંધોની ઇચ્છિત અસર થઈ રહી નથી. એવું માનવામાં આવે છે કે પ્રતિબંધો છતાં માદુરોની સરકારે વેનેઝુએલાનું તેલ વેચવાના નવા રસ્તા શોધી કાઢ્યા છે. આમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભૂતિયા કાફલાઓ દ્વારા ભજવવામાં આવી છે, જે ખનિજ તેલનું વહન કરતાં ટેન્કરોનું એક જૂથ છે, જે તેમની પ્રવૃત્તિઓ છુપાવવા માટે વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરે છે. ભૂતિયા કાફલાઓ જગતના વેપારમાં વધુ ને વધુ સામાન્ય બની રહ્યા છે અને તેનો ઉપયોગ ફક્ત વેનેઝુએલા જ નહીં પરંતુ પશ્ચિમી પ્રતિબંધોનો સામનો કરી રહેલા બે અન્ય ખનિજ તેલ ઉત્પાદક દેશો રશિયા અને ઈરાન દ્વારા પણ થઈ રહ્યો છે. આ ભૂતિયા કાફલાઓની કથા રોમાંચક અને રોચક પણ છે.

**ટુ ધ પોઇન્ટ**

**સમકિત શાહ**

આ બુધવારે જપ્ત કરાયેલા ટેન્કરને ધ સ્કીપર કહેવામાં આવે છે. આ જહાજ પર ૨૦૨૨ થી યુએસ ટ્રેઝરી દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, કારણ કે તે તેલ દાણચોરીના નેટવર્કનો ભાગ હોવાનું માનવામાં આવે છે, જે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને લેબનીઝ લશ્કરી જૂથ હિઝબુલ્લાહને ભંડોળ પૂરું પાડે છે. તે સમયે, આ ટેન્કરનું નામ એડિસા હતું. તે રશિયન તેલ ઉદ્યોગપતિ વિક્ટર આર્ટેમોવના જહાજોના જૂથમાંથી એક હતું, જેના પર અમેરિકન પ્રતિબંધો પણ છે. સ્કીપર એક ૨૦ વર્ષ જૂનું જહાજ છે. મોટી શિપિંગ કંપનીઓ સામાન્ય રીતે ૧૫ વર્ષ પછી જહાજો વેચે છે અને ૨૫ વર્ષ પછી તેને ભંગારમાં કાઢે છે. આ જહાજોની બીજી યુક્તિ ભંગાર થયેલાં જહાજોની ઓળખની ચોરી કરવાની છે. તેઓ ઇન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશન (IMO) દ્વારા આપવામાં આવેલા અનન્ય નોંધણી નંબરોનો ઉપયોગ કરે છે, જેવી રીતે ગુનેગારો મૃત વ્યક્તિની ઓળખનો ઉપયોગ કરે છે. આવાં જહાજોને ઝોમ્બી જહાજો કહેવામાં આવે છે.

ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ ફર્મ S&P ગ્લોબલનો અંદાજ છે કે વિશ્વમાં પાંચમાંથી એક તેલ ટેન્કરનો ઉપયોગ પ્રતિબંધિત દેશોમાંથી તેલની દાણચોરી માટે થાય છે. આમાંથી, ૧૦ ટકા ફક્ત વેનેઝુએલાના તેલ, ૨૦ ટકા ઈરાની તેલ અને ૫૦ ટકા ફક્ત રશિયન તેલ માટે સમર્પિત છે. બાકીના ૨૦ ટકા કોઈ એક દેશ સાથે જોડાયેલા નથી અને બહુવિધ દેશોમાંથી તેલ લઈ જઈ શકે છે. તેલ પર પ્રતિબંધ લાદવાનો હેતુ એ છે કે દેશો કે કંપનીઓ પ્રતિબંધિત દેશો પાસેથી ક્રુડ તેલ ખરીદે નહીં કે વેપાર ન કરે. જો કોઈ કંપની કે દેશ વેનેઝુએલા જેવા પ્રતિબંધિત દેશમાંથી તેલ ખરીદતાં પકડાય તો અમેરિકા તેમના ઉપર પણ પ્રતિબંધો લાદી શકે છે. પ્રતિબંધિત દેશો તેમનું તેલ નોંધપાત્ર ડિસ્કાઉન્ટ પર વેચે છે, જે કંપનીઓ અથવા દેશોને જોખમ લેવા માટે પ્રેરિત કરે છે. પછી તેઓ તેલની સાચી ઓળખ છુપાવવા માટે વિવિધ યુક્તિઓનો આશરો લે છે. સૌથી સામાન્ય પદ્ધતિ એ છે કે આ જહાજો વારંવાર, ક્યારેક મહિનામાં ઘણી વખત તેમનું નામ અથવા ધ્વજ બદલે છે.

ગયા વર્ષે એપ્રિલમાં વર્દા નામનું એક જહાજ વેનેઝુએલાથી બે મહિનાની મુસાફરી પછી મલેશિયાના પાણીમાં પહોંચ્યું હતું. શંકા ઊભી થઈ કારણ કે આ જહાજ ૩૨ વર્ષ જૂનું હતું અને તેના પર કોમોરોસનો ધ્વજ લહેરાતો હતો, જે પૂર્વ આફ્રિકામાં એક ટાપુ રાષ્ટ્ર છે અને શોધ ટાળવા માંગતાં જહાજોમાં લોકપ્રિય છે. તે એક ઝોમ્બી જહાજ હતું, કારણ કે મૂળ વર્દા જહાજ ૨૦૧૭ માં બાંગલા દેશમાં સ્ક્રેપ કરવામાં આવ્યું હતું. વેનેઝુએલાનાં ચાર ઝોમ્બી જહાજોને ઓળખવા માટે સેટેલાઇટ છબીઓની જૂના ફોટોગ્રાફ્સ સાથે સરખામણી કરવામાં આવી હતી. બીજી એક યુક્તિ એ છે કે તેલના સાચા સ્રોતને છુપાવીને તેને આંતરરાષ્ટ્રીય પાણીમાં અલગ અલગ ધ્વજ લહેરાવતા અન્ય ટેન્કરોમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ ટેન્કરો પછી તેલને તેના ગંતવ્યસ્થાન પર લઈ જાય છે અને એવું બતાવે છે કે જાણે તે કોઈ એવા દેશમાંથી આવ્યું હોય જેના પર પ્રતિબંધો નથી.

ભારત રશિયા અને વેનેઝુએલા સહિત વિશ્વના ઘણા દેશો પાસેથી ક્રુડ ઓઇલ ખરીદે છે. રશિયાની જેમ વેનેઝુએલા પણ ઓછા ભાવે ભારતને ખનિજ તેલ વેચે છે. ભારતે ૨૦૨૪ માં વેનેઝુએલાથી આશરે ૨.૨ કરોડ બેરલ ખનિજ તેલની આયાત કરી હતી. ભારતે હવે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાનું લગભગ બંધ કરી દીધું છે અને આ વર્ષના અંત સુધીમાં તે સંપૂર્ણપણે બંધ થઈ શકે છે. ભારત સહિતના દેશો તેલ બાબતમાં અમેરિકાની દાદાગીરીનો ભોગ બની રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન જ્યારે પ્રતિબંધો કડક કરવામાં આવ્યા હતા ત્યારે વેનેઝુએલાના તેલને આ રીતે ચીન મોકલવામાં આવ્યું હતું. બીજી સામાન્ય યુક્તિ એ છે કે ઓટોમેટિક આઇડેન્ટિફિકેશન સિસ્ટમ (AIS) બંધ કરવી. આ સિસ્ટમ જહાજનું નામ, ધ્વજ, સ્થાન, ગતિ અને માર્ગ જેવી માહિતી પ્રસારિત કરે છે. તેને બંધ કરીને જહાજો તેમની ઓળખ અને સ્થાન છુપાવી શકે છે. ધ સ્કીપર લાંબા સમયથી તેના સ્થાનને ખોટી બતાવી રહ્યું હતું, ખોટા સંકેતો મોકલી રહ્યું હતું જેથી તે બીજે ક્યાંક હોવાનું દેખાય. ઓક્ટોબરમાં ભ્રષ્ટાચાર વિરોધી NGO ટ્રાન્સપેરેન્સિયા વેનેઝુએલાના એક અહેવાલ મુજબ, વેનેઝુએલાની સરકારી તેલ કંપની PDVSA નાં બંદરો પર ૭૧ વિદેશી ટેન્કર હતાં. તેમાંથી ૧૫ પ્રતિબંધો હેઠળ હતા અને નવ ભૂતિયા કાફલા સાથે જોડાયેલા હતા. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ૨૪ ટેન્કર તેમના લોકેશન સિગ્નલ બંધ કરીને ગુપ્ત રીતે કામ કરી રહ્યાં હતાં. ટ્રાન્સપેરેન્સિયા વેનેઝુએલાના હેવાલ અનુસાર, તેણે પશ્ચિમ વેનેઝુએલાના પાણીમાં છ જગ્યાએ જહાજ-થી-જહાજ તેલ પરિવહન શોધી કાઢ્યું હતું. આમાંના મોટા ભાગનાં જહાજો પર પનામા, કોમોરોસ અને માલ્ટા જેવા દેશોના ધ્વજ લહેરાતા હતા, જે પ્રતિબંધો પ્રત્યે ઢીલું વલણ ધરાવતા માનવામાં આવે છે. ઘણાં જહાજો ૨૦ દિવસથી વધુ સમય સુધી બંદરો પર ડોકીંગ વગર રહ્યાં હતાં, જ્યારે અમેરિકન પરમિટ ધરાવતાં શેવરોન જહાજો છ દિવસમાં લોડ અને રવાના થાય છે. ટ્રાન્સપેરેન્સિયાએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે સીધા તેલ ટર્મિનલ સુધી પહોંચ્યા વિના બંદરોની નજીક લાંબા સમય સુધી રહેવું તે આ જહાજોના સંચાલન વિશે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. બુધવારે આ જહાજનો કબજો વિશ્વના સૌથી મોટા વિમાનવાહક જહાજ ગેરાલ્ડ ફોર્ડ પાસેથી લેવામાં આવ્યો હતો, જે હવે કેરેબિયન પાણીમાં અમેરિકન લશ્કરી તૈનાતનો ભાગ છે. આનાથી ભૂતિયા કાફલા પર માદુરોની નિર્ભરતા ઓછી થઈ શકે છે. હવે વેનેઝુએલાના પાણીમાં ખનિજ તેલનું પરિવહન કરતાં ટેન્કરોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. અમેરિકાએ જાહેરાત કરી છે કે તે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો પર લશ્કરી દબાણ લાવવા માટે વધુ જહાજો જપ્ત કરશે. વધુ જપ્તીના ભયને કારણે આશરે ૧.૧ કરોડ બેરલ ખનિજ તેલ અને બળતણ વહન કરતાં ટેન્કરો વેનેઝુએલાના પાણીમાં ફસાયેલાં છે. આ ટેન્કરો આગળ વધતાં ડરે છે કારણ કે તેઓને પણ અમેરિકા દ્વારા જપ્ત કરી શકાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**રશિયાની જેમ વેનેઝુએલા પણ ઓછા ભાવે ભારતને ખનિજ તેલ વેચે છે ભારતે ૨૦૨૪ માં વેનેઝુએલાથી આશરે ૨.૨ કરોડ બેરલ ખનિજ તેલની આયાત કરી હતી**

# BUSINESS મિત્ર

## વિદેશી રોકાણકારોની વેચવાલી અને રૂપિયાના અવમુલ્યનથી શેરબજાર તૂટયા, સેન્સેક્સ ૫૩૦ પોઇન્ટ તૂટ્યો

# વીકલી એક્સપાયરીએ શેરબજારમાં ચોતરફી વેચવાલી: નિફ્ટી 25900ની નીચે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** સતત વિદેશી રોકાણકારોની વેચવાલી અને રૂપિયાના અવમુલ્યનના કારણે શેરબજારમાં ચોતરફી વેચવાલી જોવા મળી હતી. રૂપિયો તૂટતા શેરબજારમાં સેન્ટીમેન્ટ નબળું પડ્યું હતું. જ્યારે સંભવિત યુએસ ટ્રેડ ડીલ અંગેની અનિશ્ચિતતાએ સાવચેતીના મુડમાં વધારો કર્યો હતો. મિશ્ર આર્થિક ડેટાએ બજાર સેન્ટીમેન્ટ પર વધુ ભાર મુક્યો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, પ્રાઈવેટ બેન્ક અને પીએસયુ બેન્કના શેરમાં ઘટાડો થયો હતો, જ્યારે કન્ઝયુમર ડ્યુરેબલ્સ અને મીડિયા શેરોમાં ઘટાડો જોવાયો હતો.

અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો 91ની વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. એચએસબીસી ફલેશ ઈનડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ જે સંયકુત્ મેન્યુફેકચરીંગ અને સર્વિસ આઉટપુટમાં મહિના દર મહિના ફેરફારો પર નજર રાખે છે, તે ડિસેમ્બરમાં ઘટીને 58.9 તયો હતો, જે નવેમ્બરમાં 59.7 હતો. એચએસબીસી ફલેશ ઈન્ડિયા મેન્યુફેકચરીંગ પીએમઆઇ ડિસેમ્બરમાં 55.7 નોંધાયો હતો, જે નવેમ્બરમાં 56.6 હતો. એચએસબીસી ફલેશ ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ ઈન્ડેક્સ નવેમ્બરમાં 59.8થી ડિસેમ્બરમાં 59.1 પર ઘટયો હતો.

બીએસઇ સેન્સેક્સ 533.50 પોઈન્ટ એટલે કે 0.63 ટકા તૂટીને 85000 પોઈન્ટની સપાટી તોડીને 84679.86 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85059 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84620 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 167.20 પોઈન્ટ એટલે કે 0.64 ટકા ઘટીને 25900 પોઈન્ટની સપાટી તોડીને 25860.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25989 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25834 પોઈન્ટ સુધી ઘટી હતી. પ્રાઈવેટ બેન્કોમાં વેચવાલીના દબાણે બેન્ક નિફ્ટી 427.20 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 59034.60 પોઈન્નટા સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.93 રૂ. |
| યુરો | 107.09 રૂ. |
| પાઉન્ડ | 123.01 રૂ. |
| યેન | 0.5886 રૂ. |

બીએસઇ ખાતે ટેક મહિન્દ્રા 5.29 ગણા, પ્રાજ ઈન્ડ. 4.05 ગણા, એજીસ લોજીસ્ટીક 2.04 ગણા, ભારતી હેક્સાકોમ 1.74 ગણા, ચંબલ ફર્ટીલાઈઝર 1.74 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ ત્રાવણકોર 44.73 ગણા, લોઈડ મેટલ્સ 9.61 ગણા, ચંબલ ફર્ટીલાઈઝર 7.63 ગણા, પ્રાજ ઈન્ડ. 6.82 ગણા, ક્લિોસ્કર ઓઈલ 4.94 ગણા કામકાજ નોંધાયા છે.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.29 ટકા ઘટ્યો હતો. જે બે ટ્રેડિંગ સેશનમાં 1.33 ટકા ઘટ્યો હતો. જેમાં બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, , ગોદરેજ પ્રોપર્ટીઝ, અનંતરાજ, પ્રેસ્ટીજ એસ્ટેટ, ઓબેરોય રિયલ્ટી, લોઢા ડેવલપર્સ, ડીએલએફ, ફોનીક્સ મીલ્સ અને સિગ્નેચર ગ્લોબલ ઈન્ડિયા ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે બેન્ક ઓફ ઈંગ્લેન્ડ, સિક્સ બેન્ક અને નોર્જેસ બેન્કની આ અઠવાડિયે તેમની છેલ્લી નાણાકીય નીતિગત બેઠક છે અને તેના નિર્ણયોની રોકાણકારો આતુરતાથી રાહ જોઇ રહ્યા છે, જેથી યુરોપિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો. મોટાભાગના એશિયન બજારોમાં ઘટાડો થયો હતો, વોલસ્ટ્રીટમાં ઘટાડો થયો હતો. યુકેની ઓફર ફોર નેશનલ સ્ટેસ્ટિક્સ દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા દર્શાવે છે કે ઓખટોબર સુધીના ત્રણ મહિનામાં દેશનો બેકારી દર 5.1 ટકા સુધી પહોંચી ગયો છે, કારણ કે વ્યવસાયો નિર્ણાયક પિનખર બજેટ પહેલા સ્પષ્ટતાની રાહ જોતા હતા. આ જાન્યુઆરી 2021 સુધીના ત્રણ મહિના પછીનો સૌથી વધુ બેકારીદ દર છે. મોટા ભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. અમેરિકન બજારોના ઘટાડાની અસર જોવા મળી હતી.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -533.50 | 84679.86 |
| નિફ્ટી | -167.20 | 25860.10 |
| બેન્ક નિફ્ટી | -427.20 | 59034.60 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 1.64 | 3929.50 |
| ભારતી એરટેલ | 1.56 | 2102.00 |
| ટાટા કન્ઝ્યુમર | 1.08 | 1169.90 |
| બજાજ ઓટો | 0.76 | 9008.00 |
| એશિયન પેઇન્ટસ | 0.38 | 2790.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 5.07 | 1219.60 |
| ઇટર્નલ | 4.69 | 284.45 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.89 | 1082.60 |
| એચસીએલ ટેકનો | 1.92 | 1651.70 |
| ટાટા સ્ટીલ | 1.76 | 169.83 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 1.60 | 3927.60 |
| ભારતી એરટેલ | 1.44 | 2101.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.45 | 3623.70 |
| એશિયન પેઇન્ટસ | 0.35 | 2790.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 5.03 | 1219.65 |
| ઇટર્નલ | 4.69 | 284.35 |
| એચસીએલ ટેકનો | 1.90 | 1652.15 |
| બજાજ ફિનસર્વ | 1.86 | 2030.95 |
| ટાટા સ્ટીલ | 1.74 | 169.80 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૬૦૦ |
| તેજાબી સોનું | ૧૩૬૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૭૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૩૮૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૮૦૫૦ |
| ચાંદી સિક્કા | ૧૯૯૫૫૦ |

# વેદાન્તા NCLTએ ડિમર્જર યોજનાને મંજુરી આપી દીધી

**વેદાન્તાએ** સપ્ટેમ્બર 2023માં ડિમર્જર યોજનાની જાહેરાત કરી હતી

મુંબઇ, તા. 16: મુંબઈ બેંચની નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે વેદાંતા લિમિટેડના લાંબા સમયથી પડતર ડિમર્જર યોજનાને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય બાદ કંપનીના શેર મજબૂત ખરીદીમાં પાછા ફર્યા હતા અને શેર 52 સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. વેદાંતાનો શેર આખરે 4.20 ટકાના વધારા સાથે 572.50 રૂપિયા પર બંધ રહ્યો હતો. તે તેની 52-અઠવાડિયાની ઊંચી સપાટી પણ છે. છેલ્લા 6 મહિનામાં, શેરે 23.41 ટકાનું મજબૂત વળતર આપ્યું છે. કંપનીની માર્કેટ કેપ 2.12 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઇ છે. શરૂઆતમાં કંપનીએ પાંચ મોટી કંપનીઓને અલગ કંપનીઓમાં રૂપાંતરિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

# મ્યુચ્યુઅલ ફંડના નિયમો અને શેરબ્રોકર્સના નિયમો પર ચર્ચા કરવા માટે સેબી બોર્ડની બેઠક મળશે

**સેબીની** બોર્ડ મીટિંગમાં આઇપીઓ લોકઇન મુદ્દાઓને ઉકેલવા અને ડિસ્ક્લોઝરને સરળ બનાવવા માટે સુધારા પર વિચાર કરવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા. 16: આઈપીઓ લોક ઈન મુદ્દાઓને ઉકેલવા અને ડિસ્ક્લોઝરને સરળ બનાવવા માટે આવતીકાલે સેબીની બોર્ડ મીટિંગમાં સુધારા પર વિચાર કરવામાં આવી શકે છે. સેબી આવતીકાલે એક મહત્વપૂર્ણ બોર્ડ બેઠક યોજવા જઇ રહી છે. આ બેઠકમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ નિયમોની સમીક્ષા કરવામાં આવી શકે છે. કુલ ખર્ચ ગુણોત્તર અને બ્રોકરેજ પરની મર્યાદા પર પણ ચર્ચા થઇ શકે છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, આવતીકાલની બેઠકના એજન્ડામાં મ્યુચ્યુઅલ ફંડ રેગ્યુલેશન, સ્ટોકબ્રોકર રેગ્યુલેશન અને આઈસીડીઆર ફ્રેમવર્કની સંપૂર્ણ સમીક્ષા થવાની અપેક્ષા છે . તેનો ઉદ્દેશ વેપાર કરવાની સરળતા સુનિશ્ચિત કરવાનો અને રિટેલ રોકાણકારોની ભાગીદારી વધારવાનો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મ્યુચ્યુઅલ ફંડ રેગ્યુલેશન હેઠળ એસેટ મેનેજમેન્ટ કંપનીઓ માટે બ્રોકરેજ ફીની મર્યાદા નક્કી કરવા સાથે એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ છે. સેબીએ એક કન્સલ્ટેશન પેપરમાં બ્રોકરેજ રેટમાં કેશ સેગમેન્ટ માટે વર્તમાન 12 બેસિસ પોઈન્ટથી 2 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે અને ડેરિવેટિઝ માટે હાલના 5 બેસિસ પોઈન્ટથી 1 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે આમ કરવાની દરખાસ્ત છે. સંસ્થાકીય દલાલીઓ અને એએમસીએ રાહત માટે વિનંતી કરી છે. બોર્ડ ટોટલ એકસપેન્ચ રેશિયો ઘટાડવાની દરખાસ્તો પર પણ પુનર્વિચાર કરી શકે છે. કન્સલ્ટેશન પેપરમાં ઓપન એન્ડેડ સ્કીમ્સ માટે 15 બેસિસ પોઈન્ટ અને ક્લોઝ્ડ એન્ડેડ સ્કીમ્સ માટે 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની ભલામણ કરવામાં આવી છે.

સેબીએ એસટીટી, જીએસટી, સીટીટી અને સ્ટેમ્પ ડ્યુટી જેવી વૈધાનિક વસૂલાતને ટીઈઆર મર્યાદામાંથી બાકાત રાખવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. હાલમાં, જીએસટી ફક્ત મેનેજમેન્ટ ફી પર અલગથી વસૂલવામાં આવે છે, પરંતુ અન્ય લેવીનો સમાવેશ ટીઈઆરમાં કરવામાં આવે છે.

સેબીએ જણાવ્યું હતું કે, આ દરખાસ્તોનો ઉદ્દેશ અનુપાલનને સરળ બનાવવાનો, ખર્ચમાં ઘટાડો કરવાનો, રોકાણકારોની સુરક્ષાને મજબૂત કરવાનો અને કંપની અધિનિયમ, 2013 સાથે નિયમોને સંરેખિત કરવાનો છે.

આવતીકાલે સેબીની બોર્ડ મીટિંગમાં આઈપીઓ લોકઈન મુદ્દાઓને ઉકેલવા અને ડિસ્ક્લોઝરને સરળ બનાવવા માટે સુધારા પર વિચાર કરવામાં આવી શકે છે. સેબી આઈસીડીઆરના નિયમોમાં સુધારો કરી શકે છે, જેથી ગિરવે મૂકેલા પ્રી-ઈશ્યૂ શેરોને ટેકનોલોજી-સક્ષમ મિકેનિઝમ દ્વારા લોક-ઈન તરીકે ચિહ્નિત કરી શકાય. હાલમાં, મોટાભાગના પ્રી-ઈશ્યૂ શેરોને ફાળવણી પછી છ મહિના માટે લોક-ઈન કરવા પડે છે, ડિપોઝિટરીઝ ગીરવે મૂકેલા શેરોને લોક-ઈન તરીકે ટેગ કરી શકતા નથી, જેના કારણે ચુસ્ત આઈપીઓ સમયરેખા દરમિયાન પાલન સમસ્યાઓ, સૂચિબદ્ધ વિલંબ અને બિન-સહયોગીઓ થાય છે અથવા અજાણ્યા શેરહોલ્ડરો સાથે સંકલનની સમસ્યાઓ છે.

# ઓલા ઇલે.ના પ્રમોટર્સ ભાવિશ અગ્રવાલે 2.6 કરોડ શેરો વેચ્યા

**ઓલા** ઇલે.ના શેરનો ભાવમાં સાડા આઠ ટકા તૂટ્યો

મુંબઇ, તા. 16: ઓલા ઈલે.ના સહ સ્થાપક ભાવિશ અગ્રવાલે આજરોજ જથ્થાબંધ સોદા દ્વારા કંપનીના 2.6 કરોડ શેર વેચ્યા હતા. આ વેચાણ કંપનીમાં તેના કુલ હિસ્સાના લગભગ 0.6 ટકા છે. આ શેર દીઠ સરેરાશ રૂ. 34.99ના ભાવે વેચવામાં આવ્યા હતા. આ સોદાની કુલ કિંમત લગભગ રૂ. 92 કરોડ હતી. સપ્ટેમ્બર 2025 સુધીમાં, ભાવિશ અગ્રવાલ પાસે ઓલા ઈલે.માં 30.02 ટકા હિસ્સો હતો.

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ઓલા ઈલેક્ટ્રિકની ચોખ્ખી ખોટ ઘટીને રૂપિયા 418 કરોડ થઇ ગઇ છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને રૂપિયા 495 કરોડની ખોટ થઇ હતી. જોકે, આવકમાં મોટો ઘટાડો થયો હતો. તે વાર્ષિક ધોરણે 43.2 ટકા ઘટીને રૂપિયા 690 કરોડ થયો હતો, જે ગયા વર્ષે રૂપિયા 1214 કરોડ હતો.

ઓલા ઈલેક્ટ્રિકનું વેચાણ વોલ્યુમ વાર્ષિક ધોરણે 44 ટકા ઘટીને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 55000 યુનિટ અને પાછલા ક્વાર્ટરની તુલનામાં 19 ટકા થયું હતું. વોલ્યુમમાં આ તીવ્ર ઘટાડાથી કંપનીના પ્રદર્શન પર દબાણ જાળવ્યું હતું.